150 YEARS OF CELEBRATING THE MAHATMA

# ભાવનગર મહાનગરપાલિકા

સર મંગળસિંહજી રોડ, ગેલેક્ષી સિનેમા સામે,કાળાનાળા ભાવનગર – ૩૬૪૦૦૧
ઈ-મેલ. estatebmc@gmail.com

**ભાવનગર શહેરમાં શેરડીના સિંચોડા**
**હેતુની સીઝનેબલ ટેમ્પરરી જગ્યા વપરાશ અંગેની અરજી**

BHAVNAGAR MUNICIPAL CORPORATION ESTATE DIVISION BHAVNAGAR

એસ્ટેટ વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર
ભાવનગર.
તા.  /  /

પ્રતિ,
કમિશ્નરશ્રી,
મહાનગરપાલિકા,
ભાવનગર.

અમો ભાવનગર શહેરમાં શેરડીના સિંચોડા હેતૂ એ જગ્યા વપરાશ કરવા અંગે નીચે મુજબની વિગતોએ અરજી કરીએ છીએ.

(૧) નામ:-......................................................................................................................

(૨) રહેઠાણનું સરનામું:-.......................................................................................................

.................................................................................................................................

(3) જગ્યા વપરાશનું સ્થળ:-.....................................................................................................

(૪) મંડપ સાઈઝ :- ..........................મોબાઈલ/ટેલીફોનનં:..........................

અમો નીચે દર્શાવેલ અરજી ફોર્મની શરતો મુજબ બંધનકર્તા છીએ.

**.::- શરતો ::-**

(૧) એક વ્યક્તિ/ અરજી અંગે એક જ જગ્યા ધ્યાને લેવામાં આવશે.
(૨) સદરહું જગ્યાં વપરાશની મંજુરી ફાળવણી તારીખ થી ત્રણ/ચાર માસ સુધીની રહેશે.
(૩) સદરહું જગ્યા વપરાશની લાયસન્સ ફી એકી સાથે એડવાન્સમાં ભરવાની રહેશે.
(૪) અરજદારશ્રીએ અરજી સાથે ઓળખનો આધાર,સરનામાંનાં આધારની નકલ રજુ કરવાની રહેશે.
(૫) અરજદારશ્રી એ કામકાજના દિવસોમાં તા.૦૭/૦૨/૨૦૨૫,સમય ૧૭:૦૦ કલાક સુધીમાં અરજી કરવાની રહેશે.
(૬) સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.
(૭) સદરહું જગ્યા સિવાયની વધારાની જગ્યાનો વપરાશ કરવાનો રહેશે નહી. અને જે-તે સમયે વધુ વપરાશ માલુમ પડશે તો તે જગ્યા ખાલી કરવાની રહેશે અને બાકીના સમયની લાયસન્સ ફી તથા ડીપોઝીટ પરત મળશે નહીં. તેમજ ભવિષ્યમાં આવા આસામીને જગ્યા ફાળવવામાં આવશે નહીં.
(૮) ફાળવવામાં આવેલ જગ્યાની લાયસન્સ ફી તથા ડીપોઝીટ દિન-૩ માં ભરવાની રહેશે,અન્યથા જગ્યા વપરાશનો હક્ક રહેશે નહિ.
(૯) કોઈ એક કે તમામ જગ્યા ફાળવણી પરત્વે કમીશ્નરશ્રી ભાવનગરનો નિર્ણય આખરી તથા બંધનકર્તા રહેશે.
(૧૦) કોઈપણ સ્થળે જગ્યા વપરાશની એક કરતા વધુ અરજીઓ આવશે તો, તેવી અરજીઓ માટે ડ્રો કરી ડ્રો માં પ્રથમ આવતી અરજી/આસામીને જગ્યાની મંજુરી આપવાની રહેશે.
(૧૧) શેરડીના સિંચોડા માટે જગ્યા વપરાશની મંજુરી અંગે જરૂરી FSSAI હેલ્થ લાયસન્સ મેળવી લેવાનું રહેશે.
(૧૨) શેરડીના સિંચોડા માટે જગ્યા વપરાશની લાયસન્સ ફી ઉપરાંત લાગુ પડતા ટેક્ષ, ચાર્જીસ વિગેરે ભરપાઈ કરવાની રહેશે.
(૧૩) સિંચોડા ની જગ્યા માટે કોઈપણ વિરોધ આવશે અને સંસ્થાને યોગ્ય લાગશે તો મંજુરી રદ કરવામાં આવશે.
(૧૪) સિંચોડા નાખતા પહેલા ટ્રાફિકની મંજુરી મેળવી લેવાની રહેશે.
(૧૫) PGVCL .લાઈટ કનેક્શન મંજુરી પૂર્ણ થયેથી દુર કરવાનું રહેશે. અન્યથા ડીપોઝીટની રકમ પરત આપવામાં આવશે નહી.
(૧૬) ફાયર વિભાગનું NOC રજુ કરવાનું રહેશે.

# ભાવનગર મહાનગરપાલિકા

સર મંગળસિંહજી રોડ, ગેલેક્ષી સિનેમા સામે,કાળાનાળા ભાવનગર – ૩૬૪૦૦૧

ઈ-મેલ. estatebmc@gmail.com


(૧૭) સિંચોડા ની જગ્યા વપરાશની મંજુરી પૂર્ણ થયા બાદ પણ જગ્યાનો વપરાશ થતો જણાશે તો આવી જગ્યાની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં જે-તે આસામીને જગ્યા ફાળવવામાં આવશે નહીં.

(૧૮) આસામી દ્વારા તેઓની માંગણીવાળી જગ્યાએ કેટલા વર્ષથી શેરડીનાં સિંચોડા માટે જગ્યા વપરાશ કરે છે, તેના આધારો ફોર્મ સાથે જોડવાના રહેશે.

(૧૯) સ્થળ સ્થિતિ સાથે નો જગ્યા વપરાશનો સ્કેચ ફોર્મ સાથે રજુ કરવાનો રહેશે.

ઉપરોક્ત શરતો અમોએ વાંચેલ છે,સમજેલ છે જે અમોને કબુલ અને બંધનકર્તા છે.

અરજદારની સહી.............................................

બીડાણ:-

(૧)...........................................................

(૨)...........................................................

તા...............................

સ્થળ:-..........................